# સંવનન એક ઉખાણું

સોનેટ-ગઝલ
વજનઃ લગાગા લગાગા લગાગા લગાગા
પંચમ શુક્લ

લઈ હાથમાં હાથ ચાલ્યાં મજાનું,
અને વિશ્વ આખુંય ડગમાં સમાણું.
શ્વસ્યાં એક સાથે લપાઈને કેવું?
કર્યું શ્વાસ-ઉચ્છ્વાસનું એક ભાણું.
ગવાતું હતું રોજ એકેક ગાણું,
ચડ્યું હાથ ક્યાંથી અકારું ઉખાણું?

જનમ હર જનમ લગ જતું એક બંધન,
વળે ગાંઠ પહેલી તે પહેલાં કપાણું.
પછી યાદમાંથીય વિસરી જવાયું,
સમયનું પલટતું રહ્યું રોજ પાનું.
વિધીએ રચ્યું ક્રૂર કેવું કટાણું,
ઉભયનાં જ સંતાનનું  લગ્ન ટાણું.

(અંત-૧)
અને ઝાળ ભભકી ઉઠી વાયુ લહેરે,
હતું પ્રજ્વલિત રાખ ભીતર અડાણું.

(અંત-૨)
વહ્યું હર્ષ-અશ્રુ રૂપે દર્દ જૂનું,
જૂનું શુષ્ક-વ્રણ આપમેળે રૂઝાણું.
---------------------------------
શક્ય છે બેય અંત, હોય જે મનપસંદ!
---------------------------------
લંડન, ઓગસ્ટ ૨૦૦૫